Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-12, Issue-1, June-2018

# અમદાવાદ શહેરની માધ્યમિક શાળાઓના ધો-૭ ના વિદ્યાર્થીઓના ગૃહકાર્ય પ્રત્યેના વલણોનો અભ્યાસ

ડૉ.જિજ્ઞાબેન એચ. ચૌધરી
વિદ્યાસહાયક સ્વ.સી.એમ.ત્રિવેદી પ્રાયોગિક પ્રાથમિક શાળા, ધોળકા.

**સારાંશ**

કમ્પ્યૂટરના આ સ્પર્ધાત્મક યુગમાં વિદ્યાર્થીઓમાં જ્ઞાનનો ભંડાર હોવો જરૂરી છે. તેમનામાં વિષયવસ્તુનું પૂરેપુરૂં જ્ઞાન હોવું જરૂરી છે. તેના માટે ગૃહકાર્ય એ પાયાની બાબત છે. વિદ્યાર્થીઓ ગૃહકાર્યને કેટલું પ્રાધાન્ય આપે છે અને વલણ કેળવે છે, તે જાણવા માટે પ્રસ્તુત અભ્યાસ દ્વારા પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે.

**ચાવીરૂપ શબ્દોઃ**અમદાવાદ શહેર, માધ્યમિક શાળા, વિદ્યાર્થીઓ, ગૃહકાર્ય, વલણ, અભ્યાસ.

**પ્રસ્તાવનાઃ** "Practice makes man perfact" પ્રસ્તુત વાક્યમાં મનુષ્યની સર્જન શક્તિ વિશેનો ખ્યાલ આવે છે. કોઇપણ કાર્ય પ્રથમવાર કરતી વખતે તે કાર્ય પ્રત્યે લગન હોવી, ન આવડવું, નીરસતા હોવી તે વ્યક્તિના સ્વભાવ પર નિર્ભર હોય છે. અહીં જે વિષય વિશે સંશોધન હાથ ધરેલ છે તે વ્યક્તિના સ્વભાવ, તેની આસપાસના વાતાવરણ પર આધાર રાખે છે. જો ગૃહકાર્ય રૂપે અપાતું અધ્યયન કાર્ય યોગ્ય રીતે યોગ્ય સમયે પુરૂં કરવામાં આવે તો તે વિદ્યાર્થીને ફાયદાકારક જ હોય છે. ગૃહકાર્ય પાછળ કોઇ ચોક્કસ હેતુ રહેલો હોય છે. જે પૂર્ણ કરવા માટે શિક્ષક જુદી જુદી પદ્ધતિઓનો ઉપયોગ કરે છે, અને વિદ્યાર્થીને વિષયવસ્તુના મુદ્દાને વધુ દઢ બનાવવામાં મદદ કરે છે. અભ્યાસિકા એમ માને છે કે વ્યક્તિ જયાં સુધી તેની આસપાસના સમજી ન શકે ત્યાં સુધી તે સર્જન કરી શકતો નથી. ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ.એ.પી.જે. અબ્દુલકલામ ના મંતવ્ય અનુસાર, "કામ કરતી વ્યક્તિને તેના કામના બદલામાં અપેક્ષિત પ્રોત્સાહન આપવામાં ન આવે તો ધારણા પ્રમાણેનું પરિણામ મળતું નથી." તેમ જો વિદ્યાર્થીને તેના કામના બદલામાં જો યોગ્ય પ્રોત્સાહન આપવામાં ન આવે તો તેને તે કામ કરવું ગમતુ નથી. આથી વિદ્યાર્થીઓ ગૃહકાર્ય કરવા પ્રેરાય તે માટે તેમને યોગ્ય પ્રોત્સાહન, માર્ગદર્શન પુરૂં પાડવું જોઇએ.

**સંશોધનના હેતુઓઃ-** અભ્યાસના હેતુઓ સંશોધનની આધારશીલા છે. માણસની દરેક પ્રવૃત્તિ

પાછળ ચોક્કસ-બિનચોક્કસ ઉદ્દેશો અવશ્ય રહેલા હોય છે. સંશોધકો પણ અભ્યાસને ચોક્કસ દિશાસૂચન મળે અને સમસ્યાનો ઉકેલ શોધી શકાય તે માટે વિષયને અનુરૂપ હેતુઓ નિશ્ચિત કરે છે. આ સંશોધનના હેતુઓ નીચે મુજબ છે.

1. અમદાવાદ શહેરના માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓના ગૃહકાર્ય અંગે વલણ માપદંડ રચવો.
2. અમદાવાદ શહેરના માધ્યમિક શાળાઓના ધોરણ-9 ના વિદ્યાર્થીઓના ગૃહકાર્ય પ્રત્યેના વલણોની કક્ષા નક્કી કરવી.
3. અમદાવાદ શહેરના માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓના ગૃહકાર્ય અંગેના વલણો ઉપર જાતીયતાની અસર તપાસવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ:-**

**$Ho_1$** અમદાવાદ શહેરના પૂર્વ-વિસ્તાર અને પશ્ચિમ વિસ્તારની માધ્યમિક શાળાઓના ધો-9 ના વિદ્યાર્થીઓના ગૃહકાર્ય પ્રત્યેના વલણાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**$Ho_2$** અમદાવાદ શહેરના માધ્યમિક શાળાઓના ધો-9 ના વિદ્યાર્થીઓના ગૃહકાર્ય પ્રત્યેના છોકરાઓ અને છોકરીઓના વલણાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**$Ho_3$** અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તાર અને કોટ વિસ્તારની માધ્યમિક શાળાઓના ધો-9 ના વિદ્યાર્થીઓના ગૃહકાર્ય પ્રત્યેના વલણાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનનું મહત્વ:-** પ્રસ્તુત સંશોધન દ્વારા વિદ્યાર્થીઓના ગૃહકાર્ય પ્રત્યેના વલણો જાણી શકાશે. છોકરાઓ અને છોકરીઓના ગૃહકાર્ય પ્રત્યેના વલણો કેવા પ્રકારના છે તે જાણી શકાશે. જુદા જુદા વિસ્તારમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના ગૃહકાર્ય પ્રત્યેના વલણો જાણી શકાશે. આ સંશોધન વિદ્યાર્થીઓમાં નિયમિતતા, વિષયવસ્તુના તલસ્પર્શી જ્ઞાન, સર્જનશક્તિ, આત્મવિશ્વાસ તેમજ ક્રમબદ્ધતા જેવા ગુણોનો વિકાસ કરવા માટેનું માર્ગદર્શન આપવા માટે મદદરૂપ થશે.

**વ્યાપવિશ્વ:-** પ્રસ્તુત અભ્યાસમાં અમદાવાદ શહેરના ગુજરાતી માધ્યમના માધ્યમિક શાળાના શૈક્ષણિક વર્ષ 2017-18 ના ધો-9 ના વિદ્યાર્થીઓના ગૃહકાર્ય પ્રત્યેના વલણોનો અભ્યાસ છે તેમને વ્યાપવિશ્વ તરીકે પસંદ કરવામાં આવ્યા છે.

**સંશોધનની પદ્ધતિ:-** સંશોધન કરવા માટે અનેક પધ્ધતિઓ છે. પ્રસ્તુત અભ્યાસ અમદાવાદ શહેરના માધ્યમિક શાળાઓના ધો-9 ના વિદ્યાર્થીઓના ગૃહકાર્ય પ્રત્યેના વલણોના સંદર્ભમાં હોવાથી અભ્યાસિકાએ "સર્વેક્ષણ પદ્ધતિ"નો ઉપયોગ કર્યો છે.

**સંશોધનનું ઉપકરણઃ-** કોઇપણ સમસ્યાના સચોટ ઉકેલ અને ઊંડાણપૂર્વકના અભ્યાસ અર્થે, ચોક્કસ, વ્યવસ્થિત અને પદ્ધતિસરની માહિતી એકત્રીકરણ કરવા યોગ્ય ઉપકરણની પસંદગી કરવી જરૂરી છે. આ સંશોધન એ માધ્યમિક શાળાઓના ધો-9 ના વિદ્યાર્થીઓના ગૃહકાર્ય પ્રત્યેના વલણો જાણવાનો ઉદ્દેશ્ય રહેલો છે. આ સંશોધન અંતર્ગત વિદ્યાર્થીઓના ગૃહકાર્ય પ્રત્યેના વલણો જાણવા માટે વલણમાપદંડની રચના કરવાનું નક્કી કર્યું છે. આ વલણમાપદંડ આ સંશોધનું ઉપકરણ છે.

**માહિતી એકત્રીકરણઃ-**આ સંશોધનના પાત્રો પાસેથી માહિતી એકત્ર કરવા માટે માધ્યમિક શાળામાં રૂબરૂ જઇ સંશોધનને લગતી માહિતી માટે આચાર્યશ્રીની અનુમતિ માંગવાનું નક્કી કર્યું. ત્યારબાદ વિદ્યાર્થીઓ પાસે વલણમાપદંડ ભરાવવા આપેલ સમય પ્રમાણે રૂબરૂ જઇ દરેક માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને રૂબરૂ વલણ માપદંડ ભરાવવા એવું નક્કી કર્યું. તેમજ તેઓને જરૂરી સૂચનાઓની સમજ આપવાનું વિચાર્યું. વિદ્યાર્થીઓને કોઇપણ પ્રકારના ભય, ચિંતા વગર તંદુરસ્ત વાતાવરણમાં વલણ માપદંડના પ્રતિચારો આપી શકે તે રીતે વર્ગખંડનું સંચાલન કરવાનું વિચારવામાં આવ્યું.

**માહિતી પૃથ્થકરણની પ્રવિધિ-**વિદ્યાર્થીઓએ મેળવેલ વ્યક્તિગત પ્રાપ્તાંકોને જાતિ અને વિસ્તાર અનુસાર વિવિધ ચલોના સંદર્ભમાં માહિતીનું પૃથક્કરણ કરવાનું નક્કી કર્યું. ત્યારબાદ પ્રાપ્તાંકોના આધારે આવૃત્તિ વિતરણ તૈયાર કરી મધ્યવર્તી સ્થિતિના માપ તરીકે સરાસરી, ચલિતતાના માપ તરીકે પ્રમાણવિચલન ઉપરાંત પ્રમાણભૂત ટી-કસોટીની ગણતરી કરવાનું વિચાર્યુ. ટી-કસોટીની મદદથી મેળવેલ મૂલ્યને આધારે જે તે ઉત્કલ્પનાની ચકાસણી કરવાનું નક્કી કર્યું.

**માહિતી પૃથક્કરણ અને અર્થઘટન-**આ સંશોધનમાં વિદ્યાર્થીઓના ગૃહકાર્ય પ્રત્યેના વલણો પરથી મેળવેલ વલણાંકોએ પાયાની બાબત છે. આ વલણાંકોને ચલવાર વર્ગીકૃત કરીને તેમાં આવૃત્તિવિતરણો તૈયાર કરવામાં આવ્યા છે. આ આવૃત્તિ વિતરણો પરથી કરેલ ગણતરીઓને આધારે સંશોધન કાર્ય હાથ ધરતી વખતે નક્કી કરેલી ઉત્કલ્પનાઓ તપાસવામાં આવી છે. આવૃત્તિ વિતરણ પરથી બે જૂથ વચ્ચેની સરાસરીના તફાવતની સાર્થકતા માધ્યમિક શાળાઓના વિસ્તાર, જાતિ પ્રમાણે શોધી ઉત્કલ્પનાઓ ચકાસવામાં આવી.

**સારણી-1**

**પૂર્વ અને પશ્ચિમ વિસ્તારના ધો- 9 ના વિદ્યાર્થીઓના વલણાંકોની સરાસરી, પ્રમાણવિચલન અને**

**t-મૂલ્ય**

| | વિસ્તાર | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | t-મૂલ્ય |
|---|---|---|---|---|---|
| $Ho_1$ | પૂર્વ | 100 | 135.7 | 16.01 | 1.53 |
| | પશ્ચિમ | 100 | 139.1 | 15.45 | સાર્થક નથી. |

આ સંશોધનમાં અભ્યાસકે પસંદ કરેલ ધોરણ-9 ના છોકરાઓ અને છોકરીઓના ગૃહકાર્ય પ્રત્યેના વલણાંકોની સરાસરી, પ્રમાણવિચલન અને t-મૂલ્ય

**સારણી-2**

**છોકરાઓ અને છોકરીઓના ગૃહકાર્ય પ્રત્યેનાં વલણાંકોની સરાસરી, પ્રમાણવિચલન અને t-મૂલ્ય**

| | જાતિ | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | t-મૂલ્ય |
|---|---|---|---|---|---|
| $Ho_2$ | છોકરીઓ | 170 | 137.8 | 17.32 | 1.58 |
| | છોકરાઓ | 130 | 140.74 | 14.74 | સાર્થક નથી. |

**સારણી-3**

**પૂર્વ વિસ્તાર અને કોટ વિસ્તારના વિદ્યાર્થીઓના ગૃહકાર્ય પ્રત્યેનાં વલણાંકોની સરાસરી, પ્રમાણવિચલન અને t-મૂલ્ય**

| | વિસ્તાર | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | t-મૂલ્ય |
|---|---|---|---|---|---|
| $Ho_3$ | પૂર્વ | 100 | 135.7 | 16.01 | 2.83 |
| | કોટ | 100 | 142.3 | 17.00 | સાર્થક છે. |

**સંશોધનના તારણોઃ-**

1. સમગ્ર નમૂનાના અમદાવાદ શહેરના માધ્યમિક શાળાઓના ધો-9 ના વિદ્યાર્થીઓનાં ગૃહકાર્ય પ્રત્યેનાં વલણો તટસ્થ જોવા મળ્યાં હતા.
2. અમદાવાદ શહેરના ધો-9 ના છોકરાઓ અને છોકરીઓના ગૃહકાર્ય તરફના વલણો સમાન રીતે તટસ્થ છે. પરંતુ બંનેના વલણોમાં કોઇ સાર્થક તફાવત નથી. આથી ધો-9 ના વિદ્યાર્થીઓના ગૃહકાર્ય પ્રત્યેનાં વલણો ઉપર જાતીય તફાવતોની અસર જોવા મળતી નથી.
3. અમદાવાદ શહેરના માધ્યમિક શાળાઓના ધો-9 ના વિદ્યાર્થીઓના પૂર્વ વિસ્તાર અને પશ્ચિમ વિસ્તારના વિદ્યાર્થીઓના ગૃહકાર્ય તરફના વલણો સમાન રીતે હકારાત્મક છે

પરંતુ બંનેના વલણોમાં કોઇ સાર્થક તફાવત નથી. આથી ધો-9 ના વિદ્યાર્થીઓનાં ગૃહકાર્ય પ્રત્યેનાં વલણો ઉપર વિસ્તારના તફાવતની અસર જોવા મળતી નથી.

4. અમદાવાદ શહેરના ધો-9 ના વિદ્યાર્થીઓના કોટ વિસ્તાર અને પશ્ચિમ વિસ્તારના વિદ્યાર્થીઓના ગૃહકાર્ય તરફના વલણો સમાન રીતે હકારાત્મક છે. પરંતુ બંનેના વલણોમાં કોઇ સાર્થક તફાવત નથી. આથી ધો-9 ના વિદ્યાર્થીઓનાં ગૃહકાર્ય પ્રત્યેનાં વલણો ઉપર વિસ્તારના તફાવતની અસર જોવા મળતી નથી.
5. અમદાવાદ શહેરના ધો-9 ના વિદ્યાર્થીઓના પૂર્વ વિસ્તાર અને કોટ વિસ્તારના વિદ્યાર્થીઓના ગૃહકાર્ય તરફના વલણો સમાન રીતે હકારાત્મક નથી. આથી ધો-9 ના વિદ્યાર્થીઓના ગૃહકાર્ય પ્રત્યેના વલણો ઉપર વિસ્તારના તફાવતની અસર જોવા મળે છે.

સમગ્ર રીતે જોતાં વિસ્તારની ગૃહકાર્ય પ્રત્યેનાં વલણો ઉપર આંશિક અસર જોવા મળી છે.

**સંશોધનના સૂચનોઃ**

- શિક્ષકોએ વિદ્યાર્થીઓને રસ પડે તેવી રીતે વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓનો ઉપયોગ કરીને ગૃહકાર્ય આપવું.
- શિક્ષકોએ વિદ્યાર્થીઓને ગૃહકાર્ય આપતી વખતે તેમના ગૃહકાર્યના સમયપત્રકની તપાસ કરવી.
- માતા-પિતાએ વિદ્યાર્થીઓના ગૃહકાર્યની નોંધની તપાસ કરી તેમને તેમના ગૃહકાર્યમાં જરૂરી માર્ગદર્શન મદદ પૂરું પાડવું.
- શિક્ષકોએ વિદ્યાર્થીઓને શિક્ષાના રૂપમાં ગૃહકાર્ય આપવું ન જોઇએ.
- શિક્ષકોએ ગૃહકાર્યમાં ફકત લખવાની જ પ્રવૃત્તિ ને આપતાં પ્રવૃત્તિલક્ષી ગૃહકાર્ય જેવું કે વ્યક્તિ મુલાકાત, નમૂના એકત્રીકરણ, સંસ્થા મુલાકાત આપવું.
- શિક્ષકોએ ગૃહકાર્યની યોગ્ય ચકાસણી કરી જરૂરી સૂચનો વિદ્યાર્થીને આપવા જોઇએ.
- શિક્ષકોએ ગૃહકાર્યની ચકાસણીનું નિદાન કરી તેના આધારે ઉપચારાત્મક કાર્ય હાથ ધરવું જોઇએ.
- શિક્ષકોએ વિદ્યાર્થીઓની રસ, રુચિ અને વયકક્ષાને ધ્યાનમાં રાખીને ગૃહકાર્ય આપવું જોઇએ.
- શિક્ષક જ્યારે વૈવિધ્યપૂર્ણ ગૃહકાર્ય આપે ત્યારે તેણે વિદ્યાર્થીઓને જરૂરી સંદર્ભ સાહિત્ય વિષયક માહિતી આપવી જોઇએ.

**ભાવિ સંશોધનની દિશાઓઃ-**

- અમદાવાદ શહેરના માધ્યમિક વિભાગના ધો-9, 10 ના વિદ્યાર્થીઓના ગૃહકાર્ય પ્રત્યેનાં વલણો તેમની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં તપાસવા.
- અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના માધ્યમિક વિભાગનાં ધો-9, 10 ના વિદ્યાર્થીઓના ગૃહકાર્ય પ્રત્યેનાં વલણો તેમની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં તપાસવા.
- અમદાવાદ શહેરના માધ્યમિક વિભાગના ધો-9, 10 ના વિદ્યાર્થીઓના ગૃહકાર્ય પ્રત્યેનાં વલણો તપાસવા.
- ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓના ગૃહકાર્ય પ્રત્યેના વલણોનો તુલનાત્મક અભ્યાસ કરવો.
- શહેરી અને ગ્રામ્ય વિસ્તારના ધો-9 ના વિદ્યાર્થીઓના ગૃહકાર્ય પ્રત્યેના વલણોનો તુલનાત્મક અભ્યાસ કરવો.
- માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના ગૃહકાર્ય પ્રત્યેના વલણોનો તુલનાત્મક અભ્યાસ કરવો.
- માધ્યમિક શાળાના શિક્ષકોના ગૃહકાર્ય પ્રત્યેનાં વલણોનો અભ્યાસ કરવો.

**ઉપસંહાર**-ગૃહકાર્ય શિક્ષણ પ્રક્રિયાનું અગત્યનું અંગ છે. વિદ્યાર્થીઓ ગૃહકાર્ય પ્રત્યે હકારાત્મક વલણો કેળવે તો સ્વ-અધ્યયન વધારે ગતિશીલ બને. પ્રસ્તુત અભ્યાસનું મહત્વનું તારણ એવું છે કે વિદ્યાર્થીઓ ગૃહકાર્ય પ્રત્યે તટસ્થ વલણો ધરાવે છે. આ વલણો હકારાત્મક બને એવાં કેટલાંક સૂચનો અભ્યાસિકાએ કર્યા છે. પ્રસ્તુત અભ્યાસ અમદાવાદની માત્ર છ શાળાઓના 300 વિદ્યાર્થીઓ પૂરતો મર્યાદિત હોવાથી તેના પરિણામોનું સાર્વત્રીકરણ થઇ શકે નહી. તેમ છતાં પ્રસ્તુત અભ્યાસ ગુજરાતની માધ્યમિક શાળાઓના શિક્ષકો અને વિદ્યાર્થીઓને યત્કિંચિત ઉપયોગી બનશે તો અભ્યાસિકાનો આ નમ્ર લઘુ પ્રયાસ સાર્થક થયો ગણાશે.

**સંદર્ભસૂચિ**

(1) Anastasi, Anne (1995) “Psychological Testing”. (Fifty Edition) New York; The Macmillan and Co.
(2) Aggrawall J.C. Education Research and Introduction, Arya Book Port, New Delhi, 1996
(3) Butter F.A., Improvement of teaching in secondary school Chicago; The Chicago University Press, 1968
(4) Best, John W. (1953) “Research in Education”. New Delhi:Prentice Hall of India Pvt. Ltd.
(5) English and English H.B. (1958) “A comprehensive Dictionary of Psychological and Psycho Analytical Terms”. The Ohion State University and Ava Champney English Longmans, Green and Co.,
(6) Sukhia S.P. Methotra P.V.T. Methotra R.N. Elements of Educational Research Pvt. Ltd., Bombay 1996.
(7) Stephen J.M. (1957) “Educational Psychology” New York: Henery Half and Compnay.